# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૨૪-૪-૨૦૨૩

- **"બોલ માડી અંબે જય જય અંબેના" નાદથી અંબાજીમાં કોંગ્રેસ કાર્યકર્તાઓ અને આગેવાનોએ અમિત ચાવડાનો જન્મદિવસ ઉજવ્યો**
- **"સર્વજન હિતાય, સર્વજન સુખાય" ના સંકલ્પ સાથે સૌ કોંગ્રેસજનો સાથે સહભાગી બનીને અમિત ચાવડાએ માઁ અંબેના ધામ અંબાજી ખાતે ધ્વજારોહણ કર્યું**
- **આજે સૌ કોંગ્રેસના કાર્યકરોએ સંકલ્પ કર્યો છે કે તેઓ અધર્મ સામે ધર્મ, અસત્ય સામે સત્યનો સાથ લઈ લોકોના અધિકારો માટે, બંધારણ બચાવવા માટે કટિબદ્ધ રહશે. - શ્રી અમિત ચાવડા**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શ્રી અમિત ચાવડાનો જન્મદિવસ અંબાજી ખાતે કાર્યકર્તાઓ દ્વારા ઉજવવામાં આવ્યો. વહેલી સવારે સૌ પ્રથમ અમિત ચાવડાએ અને કાર્યકર્તાઓએ અંબાજી ગબ્બર પર અંબાજીમાંની જ્યોતના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ ગુરુજી વાટિકા ખાતે સૌપ્રથમ ધજાનું પૂજન કરેલ હતું આ ધજા પૂજન કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી જગદીશભાઈ ઠાકોર, પૂર્વ કેન્દ્રીય મંત્રી અને પૂર્વ પ્રદેશ પ્રમુખ શ્રી ભરતસિંહજી સોલંકી, પૂર્વ કેન્દ્રીય મંત્રી અને વરિષ્ઠ ધારાસભ્ય શ્રી તુષાર ચૌધરી, ભારતીય રાષ્ટ્રીય સેવા દળના અધ્યક્ષ શ્રી લાલજી દેસાઈ, દાતા ધારાસભ્ય શ્રી કાંતિભાઈ ખરાડી, ધારાસભ્ય શ્રી ગેનીબેન ઠાકોર, ધારાસભ્ય શ્રી અમૃતજી ઠાકોર, ધારાસભ્ય શ્રી ગુલાબસિહ ચૌહાણ પૂર્વ સાંસદ શ્રીમતી અલકાબેન ક્ષત્રિય, પૂર્વ ધારાસભ્ય અને મંત્રી શ્રીમતી ચંદ્રિકાબેન ચુડાસમા, શ્રી ભીખાભાઈ રબારી, પૂર્વ ધારાસભ્ય શ્રી ચંદનસિંહ ઠાકોર, શ્રી લાખાભાઈ ભરવાડ, શ્રી ગોવાભાઈ દેસાઈ, શ્રી નાથાભાઇ પટેલ, શ્રીમતી ચન્દ્રીકાબેન બારૈયા, ગુજરાત મહિલા કોંગ્રેસના પ્રમુખ શ્રીમતી જેનીબેન ઠુંમર, પ્રદેશ ઉપપ્રમુખ શ્રી બિમલ શાહ, પ્રદેશ પ્રવક્તા શ્રી અમિત નાયક સહિત વિવિધ ફ્રન્ટલ, સેલ સંગઠનના પ્રમુખો જિલ્લા પ્રમુખશ્રીઓ, શહેર પ્રમુખશ્રીઓ પૂર્વ ધારાસભ્યશ્રીઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓઓ હાજર રહી ધજા પૂજન કરીને દેશ અને ગુજરાતની સુખાકારી માટે માં અંબેના ચરણોમાં પ્રાર્થના કરી હતી.

રાજ્ય અને દેશની વર્તમાન પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખી પ્રજાજનોના સુખ, શાંતિ, સમૃધ્ધિ અને સલામતી માટે કાર્યરત રહેવાના સંકલ્પ સાથે જગત જનની "માઁ અંબે'" ના ચરણોમાં શીશ ઝુકાવી, વંદન - પ્રાર્થના સહ ધ્વજારોહણ કરવામાં આવ્યું અને "સર્વજન હિતાય, સર્વજન સુખાય" ના સંકલ્પમાં સૌ કોંગ્રેસજનોએ સહભાગી બનીને માઁ અંબેના ધામ અંબાજી ખાતે ધ્વજારોહણ કર્યું.

પત્રકારો સાથે વાત કરતા શ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે આજે જગત જનની માં અંબેના સ્થાનકમાં ધ્વજારોહણ કરી દેશ અને ગુજરાતની સુખાકારી અને સમૃદ્ધિ  માટે માં અંબેના ચરણોમાં શિષ નમાવી પ્રાર્થના કરી છે. લોકોના હક અધિકાર માટે તથા અન્યાય સામે લડવા માટે માતાજી શક્તિ આપે અને જે લોકો દેશમાં લોકશાહી બચાવવા લડી રહ્યા છે તેમને માતાજી સામર્થ્ય આપે. આજે સૌ કોંગ્રેસના કાર્યકરોએ સંકલ્પ કર્યો છે કે તેઓ અધર્મ સામે ધર્મ, અસત્ય સામે સત્યનો સાથ લઈ લોકોના અધિકારો માટે, બંધારણ બચાવવા માટે કટિબદ્ધ રહશે.

શ્રી અમિત ચાવડાએ આ પ્રસંગે અંબાજી મંદિર પરિસરમાં ૧૦૧ કિલો પરંપરાગત મોહનથાળનો પ્રસાદ ભાવિક ભક્તોને વહેંચવાનો લાભ લીધો હતો.

અત્રે એ ઉલ્લેખનીય છે કે શ્રી અમિત ચાવડા દ્વારા ૨૦૨૨માં આ જ રીતે ધર્મ સ્થાનક ડાકોર અને ફાગવેલ ખાતે ધજારોહણ કરી તેમનો જન્મદિવસ સાથી મિત્રો અને કાર્યકર્તાઓ સાથે ઉજવવામાં આવેલ હતો.



હેમાંગ રાવલ
મીડીયા કોકન્વીનર, પ્રવક્તા
મો. 9898233038